# તમારા રિક્રિએશન એકાઉન્ટને પ્રમાણિત કરો. તમારા રેસિડન્ટ લાભ લેતા રહો

મે 1 થી ઑક્ટોબર 2025 સુધી, બ્રૅમ્પટન રિક્રિએશન રેસિડન્સી પ્રમાણિકરણ યોજના લાગુ કરી રહ્યું છે જેથી સુનિશ્ચિત કરી શકાય કે ક્લાયંટ માહિતી અદ્યતન છે અને નિવાસી દર અને પ્રાયોરિટી રજીસ્ટ્રેશન સમયરેખાનો લાભ ફક્ત પાત્રતા ધરાવતા નિવાસીઓને જ મળે. રેસિડન્સી પ્રમાણિકરણ તમામ બ્રૅમ્પટન રિક્રિએશન સેંટરોમાં ઉપલબ્ધ છે.

## પ્રમાણિકરણ કેમ કરાવવું જોઇએ?

- રજીસ્ટર થયેલ અને ડ્રોપ ઈન પ્રોગ્રામ્સમાં, સભ્યપદ અને ફેસિલિટી બુકિંગોમાં **રેસિડન્ટ દર** જાળવી રાખવા માટે.
- ડ્રોપ ઈન પ્રવૃત્તિઓ માટે નોંધણી 25 કલાક વિરુદ્ધ નિર્ધારિત પ્રારંભ સમયથી 1 કલાક.

## તમારી રેસિડન્સી કેવી રીતે પ્રમાણિત કરાવવી

1. **સિટી ઓફ બ્રૅમ્પટન રિક્રિએશન સેંટર**ની મુલાકાત લો
2. સ્વિકાર્ય ઓળખ અને રેસિડન્સીનો પુરાવો સાથે લાવો જેથી તમારી એકાઉન્ટ માહિતીને પ્રમાણિત કરી શકાય.
3. તમારા ઓળખનો પુરાવો **કસ્ટમર સર્વિસ ડેસ્ક** પર રજૂ કરો જેથી તમારો એકાઉન્ટ અપડેટ કરી શકાય.

## ઓળખનો પુરાવો:

- ડ્રાઈવર્સ લાયસન્સ અથવા ઓન્ટારિયો ફોટો આઈડી કાર્ડ
- પાસપોર્ટ
- પરમેનન્ટ રેસિડન્ટ કાર્ડ
- પ્રોવિંશ્યલ હેલ્થ કાર્ડ (લાલ/સફેદ સંસ્કરણ સ્વીકાર્ય નથી)
- કેનેડિયન જન્મનો દાખલો (ફક્ત જો પ્રમાણભૂત ફોટો આઈડી સાથે રજૂ કરવામાં આવે)

## બ્રૅમ્પટન સરનામાનો પુરાવો:

- ડ્રાઈવર્સ લાયસન્સ અથવા ઓન્ટારિયો ફોટો આઈડી કાર્ડ
- યુટિલિટી બિલ (ટેલિફોન, ટીવી, હાયડ્રો, ગેસ અથવા પાણી)
- બૅંક અથવા ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટ

- સરકારી લાભનું સ્ટેટમેન્ટ
- મિલકત વેરાનું બિલ
- રેવેન્યુ કેનેડા નોટિસ ઓફ અસેસમેન્ટ

**સહાય જોઈએ છે?**

વિગતો માટે brampton.ca/recreationની મુલાકાત લો અથવા કોઈપણ રિક્રિએશન ફેસિલિટી પર રહેલ સ્ટાફ સાથે વાત કરો.